**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૬ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૭ ટકા

# શહેરમાં પરંપરાગત શેરી ગરબાની તૈયારીઓના શ્રીગણેશ

**લાઈટીંગ-સાઉન્ડ સીસ્ટમ વગેરેની ખરીદી સહિત ગ્રાઉન્ડ લેવલીંગના કાર્યો હાથ ધરાયા : દાન-સ્પોન્સરશીપ પૈકી ખર્ચાને પહોંચી વળવા આયોજકોએ કમર કસી : રાત્રિ મિટીંગોનો ધમધમાટ**

ગાંધીનગર, તા. ૨૯

આદ્યશક્તિ મા જગદંબાની આરાધનાના પર્વ નવરાત્રીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. નવરાત્રીના આગમન પૂર્વે શહેરમાં શેરી ગરબા સહિત ખાનગી પાર્ટીપ્લોટના ગરબાના આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ ચાલુ કરી દેવાઈ છે. શહેરના સેક્ટરોમાં વસાહતો તેમજ ગુડા વિસ્તારની સોસાયટીઓમાં આયોજક નવરાત્રી સમિતિની બેઠકો યોજાઈ રહી છે તેમજ ઉત્સવના આયોજન માટે જરૂરી સાધનોની ખરીદી, ગ્રાઉન્ડ સફાઈ અને લેવલીંગ, સ્પોન્સરશીપ વગેરે જેવા કાર્યો હાથ ધરાયાં છે જે માટે રાત્રિ મિટીંગોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.



નવરાત્રી એ વિશ્વનો સૌથી લાંબો નૃત્યોત્સવ હોવા સાથે ગુજરાતનો સૌથી લોકપ્રિય તહેવાર છે. ગાંધીનગરમાં નવરાત્રી ખૂબજ ઉત્સાહપૂર્વક ઝાકળઝોળ સાથે ઉજવાય છે. શહેરમાં ખાનગી પાર્ટીપ્લોટોના મોટા આયોજનો સામે પરંપરાગત શેરી ગરબાના આયોજનો પણ એટલી જ લોકપ્રિયતા ધરાવે છે. હવે જ્યારે નવરાત્રીના પ્રારંભને ગણતરીના દિવસો બાકી રહ્યાં હોવાથી ગરબા મહોત્સવના આયોજકોએ કમર કસી છે. શહેરના સેક્ટરોમાં વિવિધ વસાહતો દ્વારા અને ગુડા વિસ્તારની સોસાયટીઓ દ્વારા કરવામાં આવતા શેરી ગરબા વગેરેના આયોજનમાં રહીશો દ્વારા નવરાત્રી સમિતિ બનાવી તેમાં પેટા સમિતિઓ દ્વારા યુવા સ્વયંસેવકોને વિવિધ જવાબદારી સોંપીને નવરાત્રીનું આયોજન હાથ ધરાય છે. પેટા સમિતિઓમાં સંચાલન સમિતિ અથવા આયોજન સમિતિ, ગ્રાઉન્ડ સમિતિ, મંડપ સમિતિ, ઈલેકટ્રિક સમિતિ, સ્પર્ધા સમિતિ, નાસ્તા સમિતિ, સેવા સમિતિ વગેરે જેવી સમિતિઓ બનાવાય છે અને સમગ્ર આયોજનની જવાબદારીને ભાગ પાડી વહેંચી લેવાય છે. જેથી સરળતાથી કામ કરી શકાય. આયોજન કે સંચાલન સમિતિ મુખ્યત્વે નિર્ણયો લેવાનું તથા ખરીદી કરવાનું કામ કરે છે. જ્યારે ગ્રાઉન્ડ સમિતિ ગરબા રમવા માટેના મેદાનને વ્યવસ્થિત રીતે તૈયાર કરવાનું કામ કરે છે. ઈલેકિટ્રક સમિતિ ગરબા માટે લાઈટીંગ તેમજ સાઉન્ડ અને અન્ય વ્યવસ્થા કરે છે જ્યારે મંડપ સમિતિ માતાજીની માંડવીથી માંડી પૂજા-આરતી-પ્રસાદ વગેરેની જવાબદારી ઉઠાવે છે. આ ઉપરાંત અનેક ગરબા મહોત્સવમાં આરતી શણગાર સ્પર્ધા, વેશભૂષા સ્પર્ધા વગેરે ઉપરાંત ખેલૈયાઓ વચ્ચે ગરબા રમવાની અને ડ્રેસીંગની સ્પર્ધાઓ યોજાતી હોય છે. તે માટે સ્પર્ધા સમિતિ નિર્ણાયકો, ઈનામો સહિતની વ્યવસ્થા ગોઠવે છે. જ્યારે શહેરમાં હવે નવરાત્રી દરમ્યાન સમૂહ નાસ્તા-પાણીની જયાફતો પણ યોજાય છે જે માટે નાસ્તા સમિતિ કાર્યરત બને છે અને તમામ સમિતિઓને મદદરૂપ થઈ કામગીરી પાર પાડવાનું કાર્ય સેવા સમિતિના સ્વયંસેવકો કરતા હોય છે.

### આયોજનના કાર્યો વિભાજિત કરી સમિતિઓને જવાબદારી સોંપાઈ

હાલ શહેરમાં ગરબા આયોજકો દ્વારા લાઈટીંગ માટે સિરીઝ લેમ્પ્સ, વિવિધ પ્રકારના રંગબેરંગી પ્રકાશ રેલાવતા લેમ્પ્સ, સાઉન્ડ સીસ્ટમ માટે જરૂરી ઉપકરણો સહિતની ખરીદી કરવામાં આવી રહી છે. આ સાથે આયોજનના ખર્ચાને પહોંચી વળવા દાન-ભેટ તેમજ બેનર્સ વગેરે દ્વારા સ્પોન્સરશીપ મેળવવાની કવાયત પણ આયોજકો કરી રહ્યાં છે. બીજી તરફ ગ્રાઉન્ડ સમિતિઓ દ્વારા ગરબા ગ્રાઉન્ડને વ્યવસ્થિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલી જોવા મળી રહી છે.

### @ગાંધીનગર

- સિનિયર સિટીજન કાઉન્સિલની માસિક બેઠક સાંજે ૫ કલાકે લેઉઆ પટેલ વાડી સે.૭ ખાતે મળશે.
- સૌરાષ્ટ્ર લુહાર-સુથાર જ્ઞાતિ મંડળ દ્વારા વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ કાર્યક્રમ સવારે ૯ કલાકે બ્રહ્માણીકૃપા હોલ, ફાર્મસી કોલેજ કડી કેમ્પસ સે. ૨૩ ખાતે યોજાશે.
- ગ્રીનસિટી સોસાયટી વાવોલ ખાતે રાત્રે ૯ કલાકે ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે.
- સંસ્કાર ગ્રુપ ગાંધીનગર દ્વારા ચેસ, ધમાલધોકો, સાપસીડી, જ્ઞાન સાથે ગમ્મત જેવી રમતો સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન સે. ૭ સુવિધા કચેરી પાસે રમાડાશે.
- ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની વિશેષ કારોબારીની બેઠક બપોરે ૨ ક લાકે જિલ્લા પંચાયત પ્રમુખના નિવાસ સ્થાને સે. ૨૦ ખાતે મળશે.

## ગાંધીનગરમાં રૂબિક્સ ક્યુબ કોમ્પિટીશન યોજાઈ



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર ખાતે આવેલી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા 'ટ્વિસ્ટ એન્ડ ટર્ન-૨૦૧૮' નામની રૂબિક્સ ક્યૂબ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધો. ૬ થી ૯ના ૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં સંચાલક અને આયોજક તરીકે વૈદિક મેથ્સના નિષ્ણાંત પરિધિ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પસના ડાયરેક્ટર સોમભાઈ પટેલે વિદ્યાર્થીઓને સંબોધન કરીને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. ગાંધીનગર ખાતે નામાંકિત શાળાઓએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો અને આ દરેક શાળાના આચાર્યોનો સહકાર મળી રહેતા સારી રીતે સંપન્ન થયો હતો.

આ સાથે સાથે વિજેતા વિદ્યાર્થીઓને શુભેચ્છાભેટ અને મેડલ આપી સન્માનિત કર્યા હતા અંતે જાન્યુઆરીમાં થનાર 'મેગા-મેથ ક્વિઝ'ની પણ જાહેરાત કરાઈ હતી.

આ પ્રસંગે મીલીસિંઘ, ડૉ. ચેતના બૂચ, અર્પિત ક્રિશ્ચિયન, સુધાબહેન પટેલ, અમૃતા પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ડીવાઈન યોગા સ્ટુડીયો દ્વારા ૧લી ઓક્ટોબરથી યોગ ક્લાસનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૯

ડીવાઈન યોગા સ્ટુડીયો દ્વારા તા. ૧લી ઓક્ટોબરથી યોગાચાર્ય કાનજીભાઈ બાવરી દ્વારા યોગક્લાસ કુડાસણ ખાતે ૩૦૭ થી ૩૦૯, રાધે આર્કેડ, એસ.બી.આઈ. બેંક પાસે કુડાસણ, યુ.જી.વી.સી.એલ. બીલ કલેક્શન સેન્ટરના ઉપર, કુડાસણ ખાતે શરૂ કરવામાં આવનાર છે. સવારે ૬ થી ૭ કલાકે ભાઈઓ તથા બહેનો ભાગ લઈ શકશે. પુરતી સંખ્યા થશે તો સાંજના સમયે પણ યોગક્લાસ શરૂ કરવામાં આવશે. માત્ર બહેનો માટે સ્પે. બેચ સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ કલાકે રાખેલ છે. જેના માટે ૮૯૮૦૭૭૦૭૯૯ પર સંપર્ક કરી શકાશે.

યોગ ક્લાસથી શારીરિક-માનસિક રોગ, ગેસ, એસીડીસી, કબજીયાત, હરસ-મસા જેવા રોગમાંથી મુક્તિ મળે છે. પોઝિટીવ વલણથી સ્ટ્રેસ, ડિપ્રેશન દૂર થાય છે, યાદશક્તિ વધે છે. રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. ગરદન, ઢીંચણ, કમર, સાંધાના દુઃખાવા મટાડી શકાય છે. બ્લડપ્રેશર, કોલેસ્ટ્રોલ દૂર કરી શકાય છે. આ ઉપરાંત સ્થૂળતાપણુ, માઈગ્રેન, અસ્થમામાં રાહત મળે છે. યોગથી વ્યસનમુક્તિ મળે છે. યોગથી ગુસ્સા પર કાબુ મેળવી શકાય છે. પરિણામે આનંદ-ઉત્સાહ સ્ફૂર્તિથી રહી શકાય છે. વધુ માહિતી માટે મો. ૮૩૨૦૩૬ ૯૪૭૯ પર સંપર્ક સાધવા જણાવેલ છે.

## વાવોલના યુવાનનો ગળે ફાસો ખાઈ આપઘાત

ગાંધીનગર, તા. ૨૯

ન્યું વાવોલ વિસ્તારમાં સિધ્ધાર્થ સ્ટેટસ ખાતે રહેતા ૨૮ વર્ષિય યુવાને આજે સવારના અરસામાં ઘરમાં પંખા સાથે મફલર બાંધી ગળેફાસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. આશાસ્પદ યુવાનના મૃત્યુંની જાણ વાવોલ ગામમાં થતા શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ મુળ વાવોલ ગામના પરંતુ ન્યું વાવોલ વિસ્તારમાં આવેલા સિદ્ધાર્થ સ્ટેટસ ફલેટના બી બ્લોકમાં ૨૦૨ ખાતે રહેતા પ્રજ્ઞેશ ગાંડાજી ગોલ ઉં.વ.-૨૮ પોતાના પરિવાર સાથે વસવાટ કરતા હતા. અને વાવોલ ગામમાં મોબાઈલ રીચાર્જની દુકાન ચલાવતા હતા. પિતા કામઅર્થે બહાર ગયા હતા અને તેમના પત્નિ ત્રણ દિવસથી ગાંધીનગરમાં પિયર ગયા હતા. જેથી ઘરમાં માત્ર પ્રજ્ઞેશ એકલો જ હતો, ત્યારે આજે સવારના ૧૨ કલાકના અરસામાં ઘરમાં પંખા સાથે મફલર બાંધી આપઘાત કરી લઈ જીવન ટુંકાવી દીધુ હતું. પ્રજ્ઞેશના પિતા ઘરે પરત ફરતા દરવાજો ખખડાવ્યો હતો, પરંતુ અંદરથી કોઈ જ પ્રત્યુતર મળ્યો ન હતો. દરવાજો ખોલતાની સાથે જ ઘરમાં પંખા સાથે યુવાન પુત્રના મૃતદેહ લટકતો જોઈ પિતા ભાંગી પડ્યા હતા. યુવાન પુત્રના મૃત્યુંથી પરીવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.જયારે આશાસ્પદ યુવાનના મૃત્યુંને પગલે સમગ્ર વાવોલ ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે સે-૭ પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ એએસઆઈ કાનાજી ચલાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે મૃતક યુવાનને બે જોડીયા બાળકો છે.

## રાંધેજામાં સામાન્ય બોલાચાલીમાં મારામારીના દશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં ગતરોજ અસ્થિર મગજના વ્યકિતને ભોજન આપવાની સામાન્ય વાતમાં બોલાચાલી થઈ હતી. ત્યારબાદ બોલાચાલીએ ઉગ્ર સ્વરુપ ધારણ કરતા ધોકા-પાઈપ વડે હુમલો કરતા એક વ્યકિતને ઈજા પહોંચી હતી. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંધેજા ગામમાં રહેતા પીન્ટું ભીખાભાઈ દંતાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગતરોજ રાત્રીના ૮ કલાકના અરસામાં અસ્થિર મગજ જેવા લાગતા વ્યકિતને ભોજન આપ્યું હતું. ત્યારે આ વ્યકિતને કેમ ભોજન આપ્યું તેની સામાન્ય બાબતે ગામના જ નરેશ ઈશ્વર દંતાણી, ભરત રમણ દંતાણી, રસિક રમણ દંતાણી, અને ઈશ્વર દંતાણી વચ્ચે માથાકુટ થઈ હતી. થોડીવારમાં ઝઘડાએ ઉગ્ર સ્વરુપ ધારણ કરતા તેઓ ચારેય જણા લાકડી અને ધોકા વડે તુટી પડ્યા હતા. જેમાં પીન્ટું દંતાણી અને તેના પરિવારના સભ્યોને પણ નાની મોટી ઈજા થઈ હતી. પીન્ટું દંતાણીને શરીરે ઈજા પહોંચતા સારવાર અર્થે લઈ જવાયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## નડીયાદની બકરા ચોર ટોળકીને ચિલોડા પોલીસે ઝડપી પાડી

**ત્રણ માસ પહેલા ચિલોડા સર્કલ નજીક કાર મુકી નાસી છુટ્યા હતા**




ગાંધીનગર, તા. ૨૯

ત્રણ માસ અગાઉ ચિલોડા ચાર રસ્તા પાસે વાહન ચેંકીગ સમયે બકરા ભરેલી સેન્ટ્રો કાર મુકીને ઈસમો નાસી છુટ્યા હતા. ત્યારે આ કાર મુકીને ભાગી છુટેલા ઈસમો નડીયાદના બકરા ચાર ટોળકીના સભ્યો હોવાની બાતમી ચિલોડા પોલીસને મળી હતી. જેને અનુલક્ષી ચિલોડા પોલીસ ઈન્સ્પેકટર એલ.ડી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ એએસઆઈ કાન્તિભાઈ રાવળ તેમજ પો.કો.સંજયભાઈ ભીખાભાઈ, વિજયસિંહ તેજુસિંહની ટીમે ચારેય આરોપીઓને નડીયાદ ખાતેથી ઝડપી પાડ્યા છે. જેમાં મનીષ ઉર્ફે કાળો રમેશ પૂનમ તળપદા, રાજુ ઉર્ફે કાળો રમણ તળપદા, રોહિત ઉર્ફે ભોગીલાલ કાંતી પ્રતાપ તળપદા અને શૈલેષ ઉર્ફે કિલ્લુ વિઠ્ઠલભાઈ ઉર્ફે રાયજીફલા તળપદા રહે. તમામ નડીયાદ કપડવંજ રોડ, ખેડા તમામ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે. આરોપીઓએ અંબાજી તરફના માર્ગ પરના ગામડામાંથી બે બકરા ચોરીને ચિલોડા થઈ નડીયાદ તરફ જઈ રહ્યા હતા. તે સમયે ચિલોડા પોલીસ વાહન ચેંકીગ કરી રહી હતી તે સમયે ચોરી કરેલા બકરા સહિત સેન્ટ્રો કાર નં જી.જે.૧.બી.કે.૭૭૧૩ મુકીનો ચારેય આરોપીઓ નાસી છુટ્યા હતા, જેને આજરોજ બાતમીને આધારે ઝડપી લીધા હતા.

## ઘ-માર્ગ પર અજાણ્યા વાહનની અડફેટે સાયકલસવારનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના ઘ માર્ગ પરથી સાયકલ લઈને પસાર થઈ રહેલા સાયકલ ચાલકને ઘ-૫ પાસે અજાણ્યા વાહને ટક્કર મારતા ઈજા પહોંચી હતી. સાયકલ સવારને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે સાયકલ ચાલકના પુત્રએ સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં દિન પ્રતિદિન ટ્રાફિક વધતો જાય છે. શહેરમાં સવાર-સાંજ તો અમદાવાદ જેવો ટ્રાફિકનો માહોલ જોવા મળે છે. શહેરમાં વધતા વાહનોની સંખ્યાને પગલે બે પૈંડા પરની જીંદગી ઝોખમરુપ બની ગઈ છે. વાહન ચાલકો ધુમ સ્પીડે વાહનો હંકારી ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. ગતિ નિયંત્રણની ઐસી કે તૈસી કરી વાહનો હંકારતા ચાલકો સામે તંત્રએ દંડનીય કાર્યવાહી કરવાની જરુરીયાત છે. ત્યારે પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જી.ઈ.બી. પાસે આવેલા છાપરામાં રહેતા મોહનભાઈ લગધીરભાઈ ઠાકોર રાત્રીના અગીયાર વાગ્યાની આસપાસ ઘ-૪ થી ઘ-૫ તરફ સાયકલ લઈને આવી રહ્યા હતા તે દરમિયાન ઘ સાડાચાર પાસે પાછળથી અજાણ્યા વાહને ટક્કર મારતા મોહનભાઈને શરીરે ઈજાઓ પહોંચી હતી. મોહનભાઈને તાત્કાલીક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા.ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડવામાં આવ્યા હતા, જયાં સારવાર દરમિયાન મોહનભાઈ લગધીરભાઈ ઠાકોરનું મૃત્યું નિપજ્યું હતું. બનાવ અંગે સુરેશ મોહનભાઈ ઠાકોરે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ યુ.એસ.પટેલ આગળની તપાસ હાથ ધરી છે.

## ખેલ મહાકુંભમાં રમેલી સરકારી શાળાઓની ૫૦ દિકરીઓનું સન્માન

**કૌશલ્ય ક્લબ દ્વારા આયોજિત હાઉસીની રમતમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉમટી પડી**




ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરની કૌશલ્ય ક્લબ દ્વારા શહેરની જરૂરિયાતમંદ વર્ગની દિકરીઓના લાભાર્થે હાઉસી રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરની તમામ સરકારી શાળાઓમાંથી ખેલ મહાકુંભમાં ભાગ લેનાર ૫૦ જેટલી દિકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે હાઉસીના કાર્યક્રમમાંથી થનાર આવકને પણ સંસ્થા દ્વારા શહેરની ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગની દિકરીઓના કરિયાવર માટે વાપરવામાં આવશે તેવુ આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

શહેરના સેકટર-૧૭માં ટાઉનહોલ ખાતે યોજાયેલ હાઉસી રમતમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ સહિત અન્ય સ્થળોએથી પણ મહિલાઓ સામેલ થઈ હતી. હાઉસીની રમત દરમ્યાન વિવિધ લેવલના ઈનામો તેમજ સરપ્રાઈઝ ગીફ્ટ્સ વગેરેના કારણે સમગ્ર કાર્યક્રમ રોચક બન્યો હતો. આ પ્રસંગે યોજાયેલ સન્માન સમારોહમાં શહેરની મહિલા અગ્રણીઓની ઉપસ્થિતિમાં સરકારી શાળાઓની ખેલ મહાકુંભમાં આ વર્ષે ભાગ લઈ ચુકેલ ૫૦ જેટલી ખેલાડી દિકરીઓનું એવોર્ડ સાથે ચાંદીની ફોટોફ્રેમ, ઠંડા પાણી માટેની બોટલ તથા વાઉચર્સ વગેરે આપી સન્માન કરાયું હતું. આ દિકરીઓને 'સેવ ગર્લ ચાઈલ્ડ' લખેલી કપ કેક ખવડાવી તેમનું મ્હોં મીઠુ કરાવાયું હતું. આ કાર્યક્રમમાં વિવિધ મહિલાલક્ષી ચીજવસ્તુઓના સ્ટોલ્સ પણ કરવામાં આવ્યા હતા. જેમાંથી મહિલાઓએ ખરીદી કરી હતી. આયોજકોએ આ કાર્યક્રમની આવકનો શહેરની જરૂરિયાતમંદ વર્ગની દિકરીઓના કરિયાવર માટે ઉપયોગ કરવાનો નિર્ધાર જાહેર કર્યો હતો.

## ચિલોડા ખાતે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા અભિયાનનો ધમધમાટ

ચિલોડા, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા હિંમતનગર હાઈવે ૮, દહેગામ-ગાંધીનગર, સાદરા, અમદાવાદ ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે હાલમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત જિલ્લા તાલુકા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા આદર્શ પુંસરી ગામે ૮૦ દેશના આરોગ્ય-પાણી પુરવઠા વિભાગનું એક ડેલીગેશન મુલાકાતે પધારવાના હોઈ હાલમાં ચિલોડા-હિંમતનગર-ગાંધીનગર



મુખ્ય જાહેરમાર્ગો સહિત ચિલોડા સર્કલની આસપાસનો સમગ્ર વિસ્તારમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રાષ્ટ્રપિતા મહાત્મા સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રાજ્ય અને દેશ લેવલે શ્રેષ્ઠ ગામનો એવોર્ડ મેળવેલ એક જાહેર માર્ગો પર સ્વચ્છતા અભિયાન પૂરજોસમાં વહીવટીતંત્ર દ્વારા કામગીરી બજાવતા સમગ્ર વિસ્તારની સાફ-સફાઈથી રોનક બદલાઈ જતાં નાગરિકોમાં સ્વચ્છતા ત્યાં પ્રભુતાના દર્શન થતાં ખુશી વ્યક્ત કરી રહ્યા છે. ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા ચિલોડા સર્કલની આસપાસ તમામ જાહેર માર્ગો પર સ્વચ્છતા અભિયાન પૂરજોસથી ચલાવવા કમર કસી રહ્યા છે.

## ૫૧ અનામી મૃતકોની જુસિકા દ્વારા શ્રાધ્ધવિધિ

ગાંધીનગર, તા. ૨૯

જુનીયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા ગત વર્ષે ૫૧ અનામી મૃતકોના અંતિમ સંસ્કાર કરવામાં આવેલ છે. જે નિમિત્તે પ્રતિ વર્ષે અનામી મૃતકોના મોક્ષ અર્થે શ્રાધ્ધવિધિ અને શ્રી સત્યનારાયણની કથા કાર્યાલય ઉપર રાખવામાં આવેલ છે. તા. ૩૦મી સપ્ટેમ્બર બપોરે ત્રણ વાગે યોજાશે.

મુકબધીર શાળાના બાળકો, બાળગૃહના બાળકો, અંધશાળાના બાળકો, મંદબુદ્ધિના બાળકો, વૃદ્ધાશ્રમના વૃદ્ધો, વિશિષ્ટ હોમના બાળકો, ડભોડા ભિક્ષુક ગૃહની બહેનોને, વૃદ્ધોને ભોજનથી તૃપ્ત કરવામાં આવશે. તેમ જુસિકાએ જણાવેલ છે.

### ચિરવિદાય

- સ્વ. ઈન્દીરાબેન ડી. દેસાઈ - ઉ.વ. ૯૫
- બી. વી. નાગેશ - ઉ.વ.૫૬